
નગર તો ઘણાં હશે, પણ ચાદંગર જેવું બીજું કોઈ નગર નહીં હોય.

હિમાલયની ઊંચી ટેકરી અને ટેકરીની ટોચ પર સફેદ પથ્થરનો કિલ્લો. જાણે માખણનાં ચોસલાં ગોઠવી દીધાં હોય એવો ધોળો. કિલ્લામાં પીળા અને લાલ-ગુલાબી આરસનો મહેલ છે.

તે છે ચાંદનગરનો રાજમહેલ.

તેમાં રહે છે રાજા-રાણી.



અડુકિયા અને દડુકિયાના તેઓ મામા થાય.

મામાને એક કુંવરી.

એકની એક દીકરી.

એનું નામ મેના.

મેનાને કોઈ ભાઈ નથી.

ભાઈ વિનાનાં ઘર સૂનાં.

સાકર વિનાની લાપશી, તેવી ભાઈ વિનાની બહેન.

સુગંધ વિનાનું ફૂલ, એવું ભાઈ વિના બહેનનું હેત. મીઠાશ વિનાનું ફળ, એવો ભાઈ વિના બહેનનો આનંદ.

પણ મેનાને એની જરાય ખોટ નથી લાગતી. ભલે પોતાને સગો ભાઈ નથી પણ સગા ભાઈથી પણ વધી જાય એવા ભાઈઓ અડુકિયો અને દડુકિયો છે. ફોઈબાના દીકરા છે પણ સગા ભાઈ

જેવા હેતાળ અને માયાળુ છે. તેમની સાથે મેના રહે છે ત્યારે સો સો સગા ભાઈ સાથે રહેતી હોય એવું તેને લાગે છે.


મેનાને એવી રમાડે, એવી હસાવે, એવી હુલાવે અને એવી ફૂલાવે કે આખો મહેલ આનંદથી ભરાઈ જાય. અડુકિયો અને દડુકિયો મહેલમાં હોય ત્યારે મેનાના આનંદનો કોઈ પાર નથી.

સૂરજ ઊગે અને રાત થાય.

રાત વીતે અને દિવસ થાય.

એવા કેટલાય દિવસો આવે છે અને જાય છે તે મેના ભૂલી જાય છે. અડુકિયો દડુકિભાઈ સાથે આખો દિવસ રમે છે, ખેલે છે અને આનંદમાં સમય વિતાવે છે. આંખમાં ઊંઘ છલકાવા માંડે ત્યાં સુધી રાતે વાર્તાઓ, ઊખાણાં, કોયડા અને ગીતગમ્મતમાં સમય વિતાવે છે.

ક્યારે દિવસ પૂરો થયો અને ક્યારે રાત ગઈ તેનું જાણે કે ભાન જ રહેતું નથી.



અડુકિયા-દડુકિભાઈ આવે ત્યાંથી જાણે કે સવાર અને પાછા જાય ત્યારે જાણે કે રાત પડી.

મામા ને મામીના આનંદનોય કોઈ પાર નથી.

અડુકિયો કહે : "ભાઈ દડુકિયા?"

દડુકિયો કહે : "શું ભાઈ?"

અડુકિયો કહે : "હવે ઘેર ચાલો. અહીં રહીશું ત્યાં સુધી દિવસ અને રાત જશે અને આવશે તેની સમજ નહીં પડે."

દડુકિયો કહે : "હા ભાઈ, બા-બાપુએ કહેલું કે દિવાળી જાય કે તરત પાછા આવજો."

અડુકિયો કહે : "મેનાબહેન કહે કે ભાઈબીજ કર્યા વિના જવા જ ન દઉં."

દડુકિયો કહે : "ભાઈબીજ ગઈ એટલે હવે કહે છે કે, પોષી-પૂનમ કર્યા વિના જવા ન દઉં."

અડુકિયો કહે : "આપણે રોકાવું જ નથી."

ત્યાં પાછળ મેના આવી પહોંચી હત. તેણે આ વાત સાંભળી અને બોલી : "આ હા હા હા... પોષી-પૂનમ આવ્યા વિના જતા રહેશો તો પછી અમને પોષી-પૂનમ કોણ કરાવશે? ભાઈ વિના અમને પોષી-પૂનમનો અપવાસ કોણ છોડાવશે?"

અડુકિયે જોયું દડુકિયા સામે અને દડુકિયે જોયું અડુકિયા સામે.

"શું બોલવું?"

મેના બોલી : "બોલો ને?"

દડુકિયો બોલ્યો : "મેના! બા-બાપુજી રાહ જોતાં હશે. અમે કહીને આવ્યા છીએ કે દિવાળી કરીને તરત પાછા આવી જઈશું."


મેના કહે : "તમે પાછા ઝટ આવતા નથી."

અડુકિયો કહે : "અષાઢ આવશે કે અમે આવી જઈશું. પછી દિવાળી સુધી રહેવાના."

અડુકિયો-દડુકિયો તૈયાર થયા. મામા-મામીને નથી ગમતું. મેના તો સૂનમૂન થઈ ગઈ. ના કહેવાય એમ નથી. હવે જવા દેવા જોઈએ. છ મહિના વીતી ગયા છે.

આ છે હિમાલયનો દેશ. ચોમાસામાં તો કોઈથી જવાય નહીં કે અવાય નહીં. તૈયારી થઈ. ત્રણ ઘોડા તૈયાર કર્યા.

સાથે બટુક પણ હતો. બટુકને મા-બાપ નહોતાં. તે અડુકિયા-દડુકિયાને મળી ગયેલો. તેને અડુકિયો-દડુકિયો પોતાને ઘેર લઈ આવેલા. ત્યારથી બટુક પણ સગા ભાઈ જેવો બનીને સાથે જ રહેતો હતો.



ત્રણ ઘોડા એમના અને ચાર ચોકીદારો ઘોડે ચડીને મૂકવા ચાલ્યા.

મામા-મામી અને મેના કિલ્લાના દરવાજા સુધી વળાવવા ગયાં. બધાંની આંખમાં વિદાયનાં આંસુ આવી ગયાં. "આવજો. આવજો" કહેતાં ચાલતા થઈ ગયાં.

હિમાલયનો મારગ છે. ક્યાંક ઊંચી ટેકરી ચડવી પડે, ને ક્યાંક નીચે ઊતરવું પડે. ક્યાંક વળી ઊંડી ખીણ આવે તો ક્યાંક વનની ઝાડી આવી જાય. એમ કરતાં તળેટીમાં પહોંચી ગયા. સાત દિવસ અને સાત રાત મારગમાં વિતાવવા પડ્યા.

ચોકીદારો હવે પાછા જવા અટક્યા.

ચોકીદાર કહે : "અડુકિયાભાઈ, દડુકિયાભાઈ, હવે સીધી સપાટ ભૂમિનો મારગ આવ છે. સાત ગાુ ગયા પછી બે મારગ આવશે. ડાબા હાથને મારગે જશો નહીં. એ મારગે કોઈ જતું નથી. એ સિંહકોટની ખીણનો મારગ છે. ત્યાં થઈને જઈએ તો પંદર દિવસ વહેલા જઈ શકીએ પણ ત મારગ બીક લાગે એવો છે."

દડુકિયો કહે : "એની હવે ચિંતા કરશો જ નહીં. તમતમારે પાછા જાઓ."


અડુકિયો કહે : "અમે મોજથી પહોંચી જઈશું."

ચોકીદારો પાછા ગયા. અડુકિયો, દડુકિયો અને બટુક ચાલવા માંડ્યા.

જતાં જતાં સાત ગાઉ પૂરા થયા.

હવે બે મારગ આવ્યા.

દડુકિયો બોલ્યો : "ભાઈ, આ ડાબા હાથને મારગે એ માટે નહીં જવાતું હોય કે સિંહકોટની ખીણ ત્યાં આવે છે."



અડુકિયો કહે : “એ મારગ ટૂંકો છે, પણ ઘણો અઘરો છે. ત્યાં સાત સંગમની નદી આવે છે. તે નદી પાર કરવી પડે છે. વચ્ચે ગીચ વન આવે છે, એમ એક વાર મામા પણ કહેતા હતા.”

બટુક કહે : “આપણે ચાલોને એ મારગે જઈએ. ગીચ વનમાં મજા આવશે. સિંહકોટની ખીણ જોતા જઈએ. આપણને બીક નથી. એ તો બીએ એને બીક લાગે.”

દડુકિયો કહે : “હા ભાઈ! મનેય એવી મુસાફરી ગમે છે. જૂનાંપુરાણાં નગર ઉજ્જડ થઈ જાય ત્યારે લોકો તે મારગે નથી જતા. પછી તે વેરાન અને ભયંકર બની જાય. પણ જોવા જેવું ત્યાં ઘણું જોવા મળે.”

અડુકિયો બોલ્યો : “તો ચાલો, પણ સાવધાન રહેવું. મોટા માણસો કહે તે વાતો સાવ ખોટી નથી હોતી.”

જમણો મારગ મૂકી દીધો અને ડાબે મારગે ઘોડા હંકારી દીધાં.

પહાડોમાં સીધો મારગ હોય નહીં. પણ નદી વહેતી જતી હોય તેને કિનારે કિનારે લોકો મારગ બનાવે છે. નદી વહેતી વહેતી સપાટ ભાગમાં પહોંચે છે. તેથી પહાડમાં નદીનો કિનારો એ જ મારગ બને છે. એવી એક નદીને કિનારે ઘોડા ચાલ્યા જાય છે. ચારે બાજુ ગીચ જંગલ આવે છે. ઊંચાં શિખરની હાર આવે છે. નદીનાં પાણી ખળખળાટ કરતાં ઊંચેથી નીચે પડતાં, વાંક વળતાં દોડ્યાં જાય છે.

બટુક બોલ્યો : “આ નદી ક્યાં જશે તે કહું ?”

દડુકિયો કહે : “હું કહું કે, આ નદી સાત સંગમની નદીમાં જશે.”

બટુક બોલ્યો : “સાચું.”

પણ ઘણી વાર સાચું માનીએ તે ખોટું બની જાય છે. વધારે આગળ ગયા તો ઊંચી એક ટેકરી આવી. આ ટેકરીના પડખામાં ઘસાઈને નદીનાં પાણી જતાં હતાં. આ જગા સમતલ એટલે સપાટ હતી. વળી ઘણી પહોળી હતી, તેથી મોટું સરોવર ભરાયું હોય તેમ લાગતું હતું. આગળ ઊંચી ટેકરી આડી આવી ગઈ હતી, તેથી નદીનું પાણી આગળ જતું અટકી ગયું હતું.



અડુકિયો બોલ્યો : "કેવી સુંદર જગા છે! જાણે મોટું તળાવ જોઈ લો."

બટુક બોલ્યો : "આ જગા પર આપણે આરામ કરીએ."

ત્રણે મિત્રો તળાવને કિનારે બેઠા. સામેની બંને બાજુએ ઊંચી ટેકરીઓ હતી. પાણી ઘણું ઊંડું હતું. કિનારાની ટેકરી પણ ઊંચી હતી, તેથી કિનારો ટેકરીઓ જેવો ઊંચો હતો. ટેકરીઓના ખડકોમાં અને પથ્થરની તરાડોમાં ઊગીને મોટાં મોટાં ઝાડની ઘટાઓ પણ હતી.

આરામ કર્યો અને આગળ ચાલ્યા. સાંજ થવા આવી ત્યારે નદીના તળાવને છેડે પહોંચી ગયા. ત્યાં જઈને જોયું તો અહીંથી નદી આગળ જતી નહોતી.

અડુકિયો બોલ્યો : "નદી અહીં રોકાઈ ગઈ છે અને તળાવ બની ગયું છે. આગળ જવાનો મારગ દેખાતો નથી. ચારે બાજુ ટેકરીઓ, ખડકો અને ખીણો જ દેખાય છે. તેમાં કઈ બાજુ જઈશું?"

દડુકિયો બોલ્યો : "પેલા ચોકીદારોની વાત સાચી કે આ મારગ બીક લાગે એવો છે."

બટુક બોલ્યો : “આજની રાત અહીં જ વિતાવવી પડશે.”

ઘોડા બાંધી દીધા.

સપાટ પથ્થર સાફ કરીને બેઠા.

સૂરજ આથમવાની તૈયારી હતી.

ત્યાં બટુક બોલી ઊઠ્યો : “સામે કિનારે પેલું કોણ છે?”



હા, એક માણસ દેખાયો. કિનારાની ટેકરી પરથી ઊતરીને પાણી સુધી પહોંચી ગયા હતા. તુંબડીથી પાણી ભરીને ત્યાં બેઠા બેઠા નાહતા હોય એમ લાગ્યું.

અડુકિયો ઊભો થયો અને બૂમો પાડી. પેલા માણસે સાંભળી. નાહતાં નાહતાં તેણે હાથ ઊંચો કરીને ઇશારો કર્યો કે ઊભા રહો.

બટુક બોલ્યો : “તે અહીં આવશે.”

અડુકિયો કહે : “સારું થયું, આપણને મારગ બતાવશે.”

પેલા માણસે નાહી લીધું. ત્યાંથી કિનારાના ઊંચા ભાગ પર થઈને તે માણસા આવી ગયો. ત્રણે તેમને જોઈ રહ્યા. મોઢે દાઢી અને માથે વાળ. જાણે કે વડની જટા હોય એવા હતા. આંખો તેજસ્વી હતી. તેમણે કોઈ જાતનાં પાન સાંધીને વીંટ્યાં હતાં. શરીર ઉઘાડું જ હતું. હાથમાં એક તુંબડી હતી.

આ ઘરડા પુરુષ નવાઈ અને આનંદથી બોલ્યા : "અરે! તમે નાનકડા મિત્રો અહીં ક્યાંથી આવી ગયા?"

દડુકિયો બોલ્યો : "દાદા, અમે સાંભળ્યું કે આ મારગ સિંહકોટની ખીણનો છે. અમારે હિમનગર જવું છે. અમે વિચાર કર્યો કે આ નવા મારગે જઈએ."

બટક બોલ્યો : "અને સિંહકોટની ખીણનો મારગ જોતા જઈએ."

ઘરડા દાદા બોલ્યા : "દીકરાઓ, તમે ઘણા નાના છો, પણ તમારું સાહસ જબરું છે. સિંહકોટની ખીણનો એ મારગ હવે મારગ નથી રહ્યો. એ વાતને વરસોનાં વરસો થઈ ગયાં. હવે તો સિંહકોટ પણ નથી અને એ કહાણી પણ ભૂલાઈ ગઈ છે. તમે પાછા જાઓ."

બટુક બોલ્યો : "પણ અમે આ મારગે જઈએ તો શું થાય?"

દાદા બોલ્યા : "જવાય તો ખરું પણ ઊંડી ખીણમાં થઈને મારગ જાય છે. તે અઘરો મારગ છે."

દડુકિયો કહે : 'દાદા, અમને તમે એ મારગ બતાવો. અમે તે મારગે જઈશું. અમારે જોવું છે."


દાદા બોલ્યા : "દીકરાઓ, તમારી હિંમત જોઈ મને ઘણો આનંદ થાય છે. ચાલો, તમે મારી સાથે. સામે કિનારે આવો. ત્યાં મારું રહેઠાણ છે. સિંહકોટની ખીણનો મારગ પણ ત્યાં થઈને જાય છે."

દાદા સાથે ત્રણે ભાઈબંધો ગયા. પેલે કિનારે ઊંચી શી ટેકરીને મથાળે દાદાનું રહેઠાણ હતું. ઘોડા નીચે બાંધી દીધા. ટેકરી પર ગયા. પથ્થર ગોઠવીને બખોલ જેવી જગ્યા બનાવી હતી.

દાદા બોલ્યા : "પહેલાં તમે નાસ્તો કરી લો."

દાદાએ પાંચ-સાત તુંબડીઓ લટકાવી રાખેલી. તેમાંની એક તુંબડી લીધી. નાળિયેરની કાછલીઓ હતી. તેના વાટકા બનાવી લીધા હતા. તેમાં દાદાએ તુંબડીમાંથી મધ કાઢ્યું.

દાદા બોલ્યા : "અહીં મધમાખો ઘણી છે. ઘણા મધપૂડા બનાવે છે. તેમાંથી મધ ટપકે છે. નીચે હું તુંબડી મૂકી દઉં છું. ભરાઈ જાય એટલે લઈ લઉં છું. આ મધ એવું છે કે, એક કાછલી ભરીને પી જાઓ એટલે બીજું કંઈ ખાવાની ઇચ્છા થાય જ નહીં. તેમાં એવો ગુણ છે કે શરીરને બધું પોષણ આપે છે. લો, તમે મધ ખાઓ."



આહા! શું મીઠું મધ! મધ ચાટી ગયા. ધરાઈ ગયા.

દાદાએ પોતાની વાત કહી અને અડુકિયા-દડુકિયાએ પોતાની વાત કહી.

રાતનો સમય હતો. ચાંદામામા ઊગ્યાહતા. ચારેકોર દૂધલું અજવાળું વરસી રહ્યું હતું.

બટુક બોલ્યો : "આ સિંહકોટની ખીણ કેમ કહેવાય છે? શું ત્યાં સિંહકોટ નામનું કોઈ નગર હતું?"


દાદા કહે : "હા, એ વાત ઘણી જૂની છે."

દડુકિયો કહે : "અમને કહો ને!"

દાદાએ વાત કહેવા માંડી.

• • •

આ સિંહકોટમાં રહેનારા બધા માણસોના બાપદાદા હિમાલયના પહાડોમાં રહેતા હતા.



હિમાલયના પહાડોની હવા ચોખ્ખી. હિમાલયનાં પાણી ચોખ્ખાં. હિમાલયની ભૂમિ ચોખ્ખી. હિમાલયમાં રહેનારા લોકો પણ ચોખ્ખા મનના હતા.

જેનું મન ચોખ્ખું હોય તેના વિચાર સાચા હોય. જેના વિચાર સાચા હોય તેનાં કામ સાચાં હોય.

જેનાં કામ સાચાં હોય તેનામાં વીરતા અને શૂરાતન આવે છે. મરે પણ સચ્ચાઈ છોડે નહીં, તે હિમાલય જેવો કઠણ બને છે.

હિમાલયમાં રહેનારા લોકોમાં એવી સચ્ચાઈ અને વીરતા હતાં. સાચા અને ચોખ્ખા મનના હતા.

હિમાલયના શૂરવીર લોકોએ પેલી ખીણના નાકા પર એક નગર વસાવ્યું. પરદેશી ચીનાઓ કોઈ વાર સેના લઈને આવે તો તેમને

રોકી શકાય. ઊંચી અને મજાની એક ટેકરી હતી. તે એક ટેકરી પર એક કિલ્લો બાંધ્યો.

તેનું નામ સિંહકોટ પાડ્યું.

આજે એ કિલ્લાના પથ્થરો એ ટેકરી પર જોવા મળે છે. નગરનું નામનિશાન રહ્યું નથી. તમે ખીણમાં થઈને આગળ જશો ત્યારે તે સિંહકોટની ટેકરી આવશે. ત્યાંથી આગળ ચાલશો એટલે સાત સંગમની નદી આવશે. ત્યાં અટકી જજો. સામે પાર ચાલ્યા જજો, પણ ગભરાશો નહીં. તે બાજુ કોઈ માણસ તમને નહીં મળે.

આમ વાતો કરી તે મોડેથી સૂઈ ગયા.

• • •

સવાર થયું અને જાગ્યા. દાદાએ વળી મધનો નાસ્તો કરાવ્યો. સિંહકોટની ખીણનો મારગ બતાવી દીધો. ત્રણે ભાઈબંધ ચાલી નીકળ્યા.

દાદાએ વાત કહી હતી એવી જ ભયંકર ખીણ હતી. કોઈ કોઈ જગાએ તો ઘોડા પણ ચાલી શકતા નહોતા.

કોઈ જગાએ ગીચ ઝાડીનું વન પણ આવી જતું હતું. આમ કરતાં સાત સંગમની નદીને કિનારે પહોંચી ગયા.

આહાહાહા! સાગર જેવી જબરી આ નદી હતી. સાત સાત નદીઓ અહીં એકઠી થતી હતી.

તેથીય નવાઈની એક ટેકરી હતી. સાત સંગમની નદી વચ્ચે આ ટેકરી હતી. ચારે બાજુ પાણી હતું.

દડુકિયો બોલ્યો : “ભાઈ, આપણે સામે પાર શી રીતે જઈશું?”